
૧૫૧
C

# સવારથી માંડીને

1600059



ગિજુભાઈ.

શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા ૪૨ સંપાદકો, ગિજુભાઈ : તારાબેન

ફેબ્રુઆરી · ૧૯૪૯ ] ☆ [ કિંમત [redacted]

પાંચ આના

અમદાવાદ

શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : પુસ્તક ૪૨ મું

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# સવારથી માંડીને

: લેખક :

ગિજુભાઈ

: મુખ્ય વિક્રેતા :

આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨

૧૯૪૯

: પ્રકાશક :
અચરતલાલ ર. શેઠ
શ્રી વિરાટ પ્રકાશન મંદિર
સોનગઢ · (કાઠિયાવાડ)

: મુદ્રક :
રેવાશંકર હરિશંકર જાની
શ્રી ગ્રામલક્ષ્મી પ્રિં. પ્રેસ
સોનગઢ · (કાઠિયાવાડ)

## અનુક્રમ

| | |
|---|---|
| કૂકડેકૂક | ૩ |
| દી ઊગ્યો | ૫ |
| દી ચઢ્યો | ૭ |
| ધોમ ધખ્યો હતો | ૧૦ |
| રોંઢો થયો | ૧૩ |
| સાંજ પડી | ૧૫ |
| દીવે વાટ ચડી | ૧૭ |
| રાત પડી | ૧૯ |
| વાળુવેળા થઈ | ૨૨ |
| વાળુ થઈ રહ્યાં | ૨૪ |
| સોપો પડ્યો | ૨૭ |
| પો ફાટ્યો | ૩૦ |

કુલ નકલ ૯૧૪૫

પહેલી આવૃત્તિ
ત્રણ મુદ્રણો
કુલ ૪૬૪૫

બીજી આવૃત્તિ
બે મુદ્રણો
૩૩૫૦ નકલો

તૃતીય મુદ્રણ
૧૧૫૦ નકલો
૨ : ૨ : ૧૯૪૯

# સવારથી માંડીને

## કૂકડેકૂક

કૂકડેકૂક....

સવાર પડી; અંધારાં ઓસર્યાં; તારોડિયાં આથમ્યાં ને સૂરજનાં કિરણ ફૂટ્યાં.

કૂકડેકૂક.... સવાર પડી.

દાદાજીએ

"જાગ ને જાદવા કૃષ્ણ ગોવાળિયા,
તુજ વિના ધેનમાં કોણ જાશે?"

---

ઓસર્યાં=ઓછાં થયાં

તારોડિયાં=નાના મોટા તારાઓ

નું પ્રભાતિયું ગાયું. મરજાદી માજી રાધેકૃષ્ણ ને શ્રીવલ્લભનું નામ લઈ ભગવતભજનમાં બેઠાં.

સવાર પડી. શિવમંદિરમાં શંખનાદ થયો, હવેલીમાં મંગલદ્વાર ઊઘડ્યાં, મસીદે અલ્લાને પુકાર્યા.

શાળાનો ઘંટ વાગ્યો. પાટીદફ્તર લઈ ને છોકરા નિશાળે દોડ્યા. ચોકી બદલાઈ. ચોક છંટાયા. રાજા બાગમાં જઈ ને બેઠા.

ગોવાળિયો પહર ચારી પાછો આવ્યો. ગોવાળણે ગાય દોહી લીધી. 'ભગરી....' કરતાં કરતાં ભરવાડે ભેંશને સીમમાં ઉપાડી.

વાણિયે હાટડી ઉઘાડી. બ્રાહ્મણે ટીલું કરી તાંબડી લીધી. હજામે કોથળી સંભાળી. ઘાંચીએ બળદ જેડ્યો. મોચીએ ચામડું ખેંચ્યું

કૂકડેકૂક.... સવાર પડી.

☆ ☆

---

પહર ચારવું=પાછલી રાત્રે ઢોર ચારવા જવું

# દી ઊગ્યો

દી ઊગ્યો ને બેઢાં લીધાં. હલપતાં મલપતાં પાણી ભરીને પાછાં આવ્યાં. એક આંટો, બે આંટા ને ત્રીજે આંટે પાણી ભરાઈ ગયું.

દી ઊગ્યો ને છાશ થઈ રહી. માખણ ઊતરી રહ્યું. છાશ છૂટી પડી. આડોશપાડોશમાંથી બહેનો આવી, દીકરીઓ આવી, વહુઓ આવી ને વહુવારુઓ આવી. એટલે બેસી રળિયાતબાએ બોઘરણીએ બોઘરણીએ સૌને છાશ આપી.

દી ઊગ્યો ને ઘંટી ઉઘરાઈ. પ્રાગડવાશાની ઘરાયેલી; ચાર પાલી દળી નાખેલું. ઘેલી વહુને કેટલી વાર? ઘેલી વહુ બળૂકાં હતાં.

દી ઊગ્યો ને મા ઊઠી; દી ઊગ્યો ને બાપ ઊઠ્યો; દી ઊગ્યો ને છોકરાં ઊઠ્યાં.

---

દી=દિવસ ઉઘરાવવું=દળેલો લોટ કાઢી લેવો

પ્રાગડવાશાની=પરોઢિયેથી બળૂકું=બળવાન

દાતણ કર્યાં, દૂધ પીધાં, છાશ પીધી, ચહા પીધી, પાણી પીધાં.

દી ઊગ્યો ને ધોબી નદીએ પહોંચ્યો; ગાંસડો એક લૂગડાં. બળદને ચરતો મૂક્યો. ધોબીએ પથરો ગોઠવ્યો, ધોબણે ગળી નાખી. ધોબીધોબણ ધોવા લાગ્યાં.

દી ઊગ્યો ને પૂનો ખેતરે પૂગ્યો. ખેતરે જઈને ખેડવા માંડ્યો. ડચડચ ડચકારતો જાય ને બળદનાં પૂંછડાં આમળતો જાય. પૂને હજી પાંચ ચાસ ખેડ્યા હતા.

દી ઊગ્યો ને દેવાદાદાએ નાહી ધોઈને પૂજા માંડી. દેવદેવલાંને નવરાવ્યાં; ટીલાં ને ટપકાં કર્યાં; ફૂલ, અબીલ ને ગુલાલ ચડાવ્યાં; ધૂપ, દીપ ને નૈવેદ્ય ધર્યાં.

દી ઊગ્યો ને ઠાકુર ઘોડા ઉપર ચડ્યો. બેપાંચ ગાઉની સફર કરવા નીકળી પડ્યો.

દી ઊગ્યો ને કુંભારે ચાકડો ફેરવ્યો. કુંભારણ ગારો લાવતી જાય ને કુંભાર નળિયાં

---

પૂગ્યો=પહોંચ્યો

ઉતારતો જાય.

દી ઊગ્યો ને જકલ ખડ લેવા ચાલી. માથે પછેડી ને મહીં દાતરડું. ઘેર બે ભેંશ હતી ને નાની એવી વાછડી હતી.

દી ઊગ્યો ને ટપાલી કાગળ વહેંચવા નીકળ્યો. ખભે એક કોથળી હતી ને હાથમાં ઘણા કાગળો હતા. ઘેરઘેર ફરતો હતો.

દી ઊગ્યો ને સહુ જાગી ગયું; કામકાજે લાગી ગયું; ગણગણ થઈ રહ્યું.

☆ ☆

## દી ચડ્યો

બાએ દાળ ઓરી; બહેને કળશાપાણી કરી લીધાં; બાપા બજારે શાક લેવા નીકળ્યા.

શંકરનું મંદિર ભરાયું. બ્રહ્મદેવો દેવસેવા કરવા આવ્યા. એક જણ કળશો કરે છે; બીજો

જણ મહિમ્ન ભણે છે; ત્રીજા મહારાજ રુદ્રી કરે છે; ચોથા મહારાજ ચંદન ઘસે છે.

દે'રે દર્શન થવા લાગ્યાં. ચોખા મૂક્યા, પાઈ પૈસા મૂક્યા, સોપારી મૂક્યાં, બદામ મૂકી, આદીશ્વર ભગવાનને પગે લાગ્યા: "જે ભગવાન! ભલું કરજે."

ગાયો સીમાડે જઈ પહોંચી. એક ધણ આમ ગયું ને બીજું ધણ તેમ ગયું. ગાયો-ભેંશો, ચરતી હતી ને ગોવાળ બેઠો જોતો હતો.

બજાર ભરાઈ. શાકમારકીટે શાક આવ્યાં; ફૂલને ટેકરે માળી આવ્યા; બેસરણે સુતાર આવ્યા, કડિયા આવ્યા, મજૂર આવ્યા.

વાચનાલયનાં બારણાં ઊઘડ્યાં. લોકો છાપું વાંચવા આવ્યા. 'હિંદુસ્તાન', 'નવજીવન', 'બાલમિત્ર', 'પ્રસ્થાન', 'શિક્ષણ પત્રિકા', 'સ્ત્રીબોધ', 'ગુજરાતી' ને 'સૌરાષ્ટ્ર'.

---

દે'રે=જૈનમંદિરે

બેસરણે=કડિયા, સુતાર, મજૂરો વગેરે કામ ઉપર ચડે તે પહેલાં એક ઠેકાણે એકઠા મળે તે જગ્યા; તેમનું બેસવાનું સ્થળ

ગુમાસ્તો ઉઘરાણીએ નીકળ્યો. કાખમાં ચોપડો લીધો, માથે ફેંટો મૂક્યો, પગમાં જોડા પહેર્યા ને દેણદારોને ત્યાં ચાલી નીકળ્યો.

ફેરિયો નીકળ્યો: "લ્યો કોઈ સોય, દડી, દીવાસળીનાં બાકસ, કાચ, બંગડી, કચોળાં કંકૂ...."; "સોય, દડી, દીવાસળીનાં બાકસ, કાચ, બંગડી, કચોળાં, કંકૂ...."

દરદી દવાખાને ચાલ્યો: એક પોરો, બે પોરા, પાંચ પોરા: દવાખાને જઈ પહોંચ્યો. દાક્તર બહાર ગયા હતા. દરદી વાટ જોતો બેઠો.

ભંગીઓએ રસ્તા વાળી લીધા. સાફસૂફ કરી લીધું. સાવરણા મૂકી હેઠા બેઠા. ડબલાં ભરી ચા પીધી. લાંબી ઘૂંટે બીડીઓ પીધી.

વૈદરાજ વૈદું કરે છે. બેચાર દરદી બેઠા છે. એકને ઝાડા થયા છે; બીજાને ખૂબ તાવ આવે છે. વૈદરાજે નાડી જોઈ, જીભ જોઈ, પેટ જોયું. શીશીમાંથી દવા કાઢી, બબ્બે ગોળી ખાવા કહ્યું.

☆ ☆

---

પોરો=વિસામો

# ધોમ ધખ્યો હતો

ધોમ ધખ્યો હતો. ગધેડું લઈને હમણાં જ કુંભાર માટીખાણે ગયો. દૂરદૂરથી આવેલાં ખડનાં ગાડાં ધર્મશાળામાં છૂટવા લાગ્યાં. એકલદોકલ ડોસો લોટ માગી ઘર ભણી જવા લાગ્યો. લહેરી ઘોડેસ્વાર ઘોડો પાવા નીકળ્યો. ભિખારી ભીખ માગીને પાછો ફર્યો ને એકાદ ઝાડનો છાંયો શોધવા લાગ્યો. છાણ લેવાવાળી બાઈઓ માથે સૂંડલા મૂકી અવેડા પાસેથી નીકળી. પગે બળતું બળતું એક નાનું છોકરું દોડ્યું ગયું; માએ બે ગાળો દીધી તે કાને પડી. છત્રી ઓઢીને એક મિસ્ત્રી ઘર તરફ વળ્યો. કંઈક ઉતાવળને કામે દોડતી દોડતી મોટર તડકામાં ધૂળ ઉડાડતી ચાલી ગઈ.

તોપ પડી. મજૂર છૂટ્યા. ભાત આવ્યાં. કારીગરે હથિયાર મૂકી દીધાં; હજામે કોથળી

---

ધોમ=તડકો; સૂરજ ધખવું=ગરમ થવું; તપવું
અવેડો=હવાડો

ખીંતીએ ટાંગી; દરજીએ સોય કાને ખોસી; સુતારે વાંસલો ખભે ચડાવ્યો; લુહારે ઘણ નીચે મૂક્યા. બે હાથે રોટલા ખાવા બેઠા. તાંસળીમાં શાક ને હાથમાં રોટલો.

બજારમાં મંદી છે. માણસો પાંખાં છે. રસ્તા ખાલી છે. બધું ધોળું ધોળું લાગે છે. કંદોઈ ગાંઠિયા વણે છે ને પરસેવાનાં ટીપાં લૂતો જાય છે. સોનીની હથોડી એરણ ઉપર ટપટપ થયા કરે છે. કાછિયો ઘરાક વિના ઝોકાં ખાય છે ને વાણિયો કાને કલમ ખોસી ઘરાક વિના બગાસાં મારે છે.

ઑફિસમાં પંખા ચાલી રહ્યા છે; વાળાની ટટ્ટીઓ ઉપર નોકરો પાણી છાંટે છે; મે'તા મુત્સદ્દીઓ ઊંઘતી આંખે લીંટાબિલાડાં તાણે છે. બાંકડા પર બેઠેલો પટાવાળો વારેવારે ઝોકું ખાઈ નમી જાય છે. ડેલીએ બેઠેલા ચાઉસોએ કીટલીમાં કાવો મૂક્યો છે.

'હોઈયાં'. કરીને શેઠિયો છત્રીપલંગમાં

પાંખાં=આછાં

પડ્યો છે. ખૂબ ખાધું છે તે પેટમાં અસવસી થાય છે. પાંજરામાં મેનાપોપટ બોલે છે, પણ કોણ સાંભળે છે?

ઘરમાં શેઠાણી પગ ઉપર પગ ચડાવી પાનબીડી બનાવે છે. કામવાળી ચોકોવાસણ કરે છે.

નિશાળનો માસ્તર કંઈક બોલે છે; છોકરાઓ મરડાતા જાય છે, આંખ ચોળતા જાય છે ને પાઠ આપતા જાય છે. ખરા બપોરે કવિતાનું ગાણું કેવું લાગે? ને ખરા બપોરે પાઠ કરવા કોને ગમે?

નવરો બ્રાહ્મણ છીંકણી સૂંઘે છે. નવરો કણબી બીડીઓ તાણે છે. નવરા માણસો નવકૂકી રમે છે.

ધોમ ધખ્યો હતો. ઝાડ તપ્યાં, પાન તપ્યાં, રસ્તા તપ્યા, ગાડી તપી, ઘોડા તપ્યા; ઘર અને બાર તપ્યાં. બધું તપી ગયું.

☆ ☆

---

અસવસી=જરા પેટ ભારે થવું તે

# રોંઢો થયો

"બા બા! ભૂખ લાગી. રોંઢો કરવો છે." નિશાળેથી છોકરાં આવ્યાં, શેરીએથી છોકરાં આવ્યાં, રોંઢો કરવા બેસી ગયાં. રોંઢો થયો.

ભેં ભેં કરતી ગાય આવી: ઊંચી શિંગડીએ ને ઊભી પૂંછડીએ. ફળિયામાંથી સાદ થયો: "બેં બેં..., બેં બેં...., બેં બેં...." વાછરુ સાથે નહોતું ગયું. "અલી એ! ગાય બાંધ." ગાય આવી. રોંઢો થયો.

શેરીમાંથી સહિયરો નીકળી: મધુમાલતી અને રાધાગૌરી, જીવીબાઈ અને ચંપાબાઈ. "ચાલો ને બહેનો, કથા સાંભળવા? શ્રીજી મહારાજના મંદિરમાં કથા છે. કથાવેળા થઈ ગઈ છે. બપોર મટી રોંઢો થયો છે."

ચંદનભાભુ કાશીબેનને કહે: "એ કાશી! હવે રોંઢો થયો. જો ગાયોભેંશો ઘેર આવી. ચૂલો સળગાવ ને આંધણ મૂક."

સુથારાની ગાડી પાણી છાંટતી નીકળી.

લખુએ મોટા ભાઈને પૂછ્યું: "ભાઈ! અત્યારે પાણી કેમ છાંટે છે?" મોટા ભાઈ કહે: "રોંઢો થયો એટલે હવે પાણી છંટાય. તડકે તપીને રસ્તા ઊના થયા હોય તે ટાઢા પડે."

નદીએ લૂગડાં ધોતી રેવાબેને કહ્યું: "એ લખમી! હવે ઝટ કર; રોંઢો થયો ને હમણાં સાંજ પડશે. આ સૂરજ આથમણે ઊતર્યો. જો તો, ઝાડનાં છાંયા ક્યાં સુધી ગયા છે!"

મહેતાજીએ છોકરાઓને કહ્યું: "ચાલો, હવે દાખલાબાખલા બંધ કરો. રોંઢો થયો તે મોપાટ લેવરાવીએ. બોલો: 'એકડે એક, બગડે બે ય; ત્રગડે ત્રણ, ચોગડે ચાર;........"

ભજિયાંવાળાએ તાજાં ભજિયાં પાડવા માંડ્યાં. વાસી ભજિયાં તાજાં કર્યાં ને થડા ઉપર ત્રાજવું લઈને બેઠો. રોંઢાવેળા થઈ છે એટલે હવે ઘરાક નીકળશે.

રોંઢો થયો, રોંઢો થયો. બપોરના ચાર થયા, પાંચ થયા, સાડા પાંચ થયા; રોંઢો થયો.

☆ ☆

---

થડો=વેચવા બેસનારની બેઠક

# સાંજ પડી

સાંજ પડી ને સૂરજ નમ્યો. એ ગયો, એ ગયો; ડુંગરા પાછળ એ....ગયો. અડધો ગયો, પોણો ગયો, આખો ગયો.

સંધ્યા ખીલી ને સોનું પથરાયું. સોનેરી, સોનેરી, સોનેરી ! ધરતી બધી સોનેરી; ખડ બધું સોનેરી; સોનેરી નળિયાં ને સોનેરી ફળિયાં; સોનેરી વાડ ને સોનેરી વાડીઓ; સોનેરી સીમ ને સોનેરી ગામ; સોનેરી નદી ને સોનેરી રેતી.

કિચૂડકિચૂડ કરતું સાંતીડું ઝાંપે આવ્યું. પાણી પીને બળદ નિરાંત કરીને હેઠે બેઠા.

સાંજ પડી ને ભેંશને ખાણ નાખ્યું. ત્યાં "ભગરી....." કરતો ભરવાડ ઊઠ્યો ને ઝરેડ ઝરેડ ભેંશને દોહવા બેઠો. ધોળા રૂના પોલ જેવા દૂધના ફીણ ઊડવા લાગ્યા.

ડચડચ કરતો ભરવાડ દેખાયો ને ઘેટાં

સાથે ડુંગરેથી ઊતર્યો. બેંબેં કરતી બકરીઓ પાછી વળી ને ભરવાડના નેસમાં પેઠી.

સાંજ પડી ને સુતારે વાંસલો મૂકી દીધો. સોનીએ હથોડી છોડી દીધી. લુહારની ધમણ બંધ પડી. દરજીએ ડોક ઊંચી કરી. ઘાણીનો બળદ ઊભો રહ્યો. મોચીએ દુકાન બંધ કરી.

ભરવાડણ દૂધ દેવા નીકળી. વાઘરણે દાતણ દેવાં પૂરાં કર્યાં. દાદા દર્શને નીકળ્યા. ભાભુ મંદિરે ચાલ્યાં. ફકીરે બાંગ પોકારી: "અલ્લા.....હો અકબર!"

દેવમંદિરે ઝાલર થઈ, શંખ ફુંકાયો ને નગારું ગડગડ્યું; મંગળ આરતી થઈ ને નમણ લેવાયાં: 'જય દેવ!' 'જય દેવ!'

ચકલાં માળે ગયાં; મોર ડાળે ગયા; બગલા પાળે ગયા. પંખી બધું જંપી ગયું

સહેલાણી ફરવા નીકળ્યા. પાન ખાધું, બીડી લીધી, ધુમાડા કાઢતા નીકળી પડ્યા.

ડોશીએ પાશેર દૂધ લીધું ને કોઠલામાં જઈને મૂકી દીધું. દીકરાની વાટ જોતાં ડેલીએ

આવીને બેઠાં.

સાંજ પડી ને છોકરાં શેરીએ રમવા નીકળ્યાં. જાતજાતની રમત માંડી. 'મોરમોર' નાં ગીત ગાયાં; ઠેકાઠેકી ને કુદાકૂદી કરી.

સાંજ પડી, સાંજ પડી.

☆ ☆

## દીવે વાટ ચડી

ઘરમાં બાએ વાટ કરી, ઘી પૂર્યું ને ઘીનો દીવો કર્યો. ઘરમાં પહેલો ઘીનો દીવો ને પછી બીજા દીવા.

જીવીએ તુળસીપૂજા કરી ને ઘીની વાટ ક્યારે મૂકી.

સુધારાવાળાએ બત્તી લૂછી ને ગ્યાસલેટ પૂરી બત્તી સળગાવી.

સાઈકલવાળે નીચે ઊતરીને બત્તી કરી; સાઈકલ પાછી મારી મૂકી.

માવા સુખડિયે લેમ્પ કર્યો ને પેંડાણરફી અજવાળ્યાં.

શામજી શેઠે હાંડી કરાવી ને સામે પિત્તળની દીવી મુકાવી.

રાજમહેલે ધજા ઊતરી ને લાલ બત્તી ઊંચી ચડી.

પાનવાળે બત્તી કરી; કાપડવાળે બત્તી કરી; ઘડિયાળીએ બત્તી કરી.

દીવે વાટ ચડી ને શાકપીઠ ઊઠવા આવી. "પૈસાનાં અઢી શેર; પાઈની સવા શેર; લઈ જાઓ, લઈ જાઓ!"

બાપા ઝટપટ ઘેર ચાલ્યા.

બા દર્શન કરીને ઘેર આવી. કાકા ફરવા જઈને આવ્યા. રઘુ ચંદુને ત્યાંથી આવ્યો.

ગુજરી બંધ થવા લાગી. વોરે રેંકડી પાછી લીધી. લુહારે સામાન બાંધી લીધો. દરજીએ લૂગડાં સંકેલ્યાં. ચેવડાવાળાએ દીવો કર્યો ને સાદ કર્યો: "મીઠો મજાનો ચેવડો; ગરમાગરમ ચેવડો."

મિલમાંથી મજૂર છૂટ્યો. થાક્યોપાક્યો ઘેર આવ્યો. અધમૂઓ લાંબો સૂતો. ભૂખ ખૂબ લાગી હતી.

નાનાં છોકરાં રડતાં હતાં; ડોશીઓ એને છાનાં રાખતી હતી. "ઊંઘમાં આવ્યાં, ઊંઘમાં આવ્યાં." કહેતી હતી.

ચારેકોર ગિરદી ગિરદી! ગામમાંથી ઘેર જતાં હતાં: નોકરી કરી, ચાકરી કરી, ફરી કરી, શાક લઈ, ચક્કર મારી, સૌ ઘેર જતાં હતાં.

☆ ☆

## રાત પડી

રાત પડી ને તારા ઊગ્યા. એક ઊગ્યો, બે ઊગ્યા, ત્રણ ઊગ્યા. એ પણે ઊગ્યો; એ પણે દેખાય; એ પણે દેખાય. એ દસ થયા; એ બાર થયા; એ તેર, ચૌદ, પંદર સોળ.... વીશ, પચીશ. અરે આ તો આટલા બધા! ગણ્યા ગણાય નહિ ને આભલામાં માય નહિ.

એ નકરા તારા, તારા, તારા! આણી કોર તારા, ઓલી કોર તારા, માથે તારા, ચારે કોર તારા!

એ પણે ચાંદો ઊગ્યો: પણે ઉગમણો. ગોળ ગોળ થાળી જેવડો. પરમ દહાડે પૂનમ હતી; આજે ત્રીજ છે. ચાંદો ઝાંખોઝાંખો છે; અજવાળું ઓછુંઓછું છે. જુઓ જુઓ પેલી વાદળી જાય; ઝટઝટ દોડી જાય છે. એ ચાંદા પાસે આવી. એ ચાંદો સંતાય છે. એ સંતાયો, એ સંતાયો, એ.... સંતાઈ ગયો!

અંધારું, અંધારું! તારા, તારા, તારા! એ ચાંદાએ ડોકિયું કર્યું. એ પાછો આવવા લાગ્યો: એ અડધો દેખાયો; એ હવે પોણો બહાર આવ્યો; એ આવ્યો, એ આવ્યો, એ.... આખો આવ્યો.

પણે પેલાં વાદળાં છે. જો ને મોટા ડુંગરા છે! એક ડુંગરો, ને પાછળ બીજો ડુંગરો; બીજા પાછળ ત્રીજો ને ત્રીજા પાછળ ચોથો. સાચે જ જાણે પહાડ!

એ પહાડ વીંખાયો. જો તો, જાણે હાથી

થયો. જો પેલી એની સૂંઢ છે; પેલા એના પગ ને પેલી એની પૂંછડી.

અરે, પણ આ જો તો? આ તો જાણે હરણ લાગે છે. જુઓ એનાં શીંગડાં ને મોઢું જાણે હરણ જેવું.

પણે પેલો માણસ લાગે છે કે? લાગે છે તો ખરો; જાણે હાથ હલાવે છે.

એ....એ....બધું ગૂમ થયું. ચાંદો પાછો સંતાઈ ગયો. પાછું અંધારુંઅંધારું થયું ને પાછા તારા દેખાયા.

પણે ઝાડો ઉપર જો; પાન બધાં ઝાંખાં ધોળાં. જો પેલી ભોંય ઉપર; રંગ જાણે ઘેરો ધોળો. જો પેલાં ઘરો ઉપર; અજવાળું જાણે અડધુંપડધું. પણે અજવાળું થોડું છે; પણે અજવાળું વધારે છે; પણે ઘોર અંધારું છે. ઘર આખું આડું આવે છે.

એ પાછું અંધારું. ચાંદો પાછો સંતાઈ ગયો. વાદળ પાસે દૂધ પીએ છે. દૂધ પીને પાછો આવશે; અજવાળાને લેતો આવશે.

☆ ☆

# વાળુવેળા થઈ

દાદા દર્શનેથી આવ્યા; કાકી મંદિરેથી આવ્યાં; છોકરાં ફરીને આવ્યાં; બાપુ ચોટેથી આવ્યા.

બાપાએ સાદ પાડ્યો: "એ લખુ, નાનુ, જીવી, બાબુ! જમવા ચાલજો."

વાળુવેળા થઈ ને વાળુ ઠાર્યાં. શેઠાણીએ થાળ પીરસ્યો: દાળ, ભાત, શાક, રોટલી. સાથે પાપડ ને ચટણી મૂક્યાં.

રાજદરબારે ભાણું આવ્યું: બાજરાના રોટલા ને ભગરી ભેંસનાં દૂધ; તરતાં તેલિયાં શાક ને મરચે રાતાંચોળ. ભાણું બાજઠ પર મુકાયું ને બાપુ મૂછો મરડી, બાંયો ચડાવી, ગોઠણ વાળી ખાવા બેઠા.

બ્રાહ્મણીએ થૂલી ઠારી; ગરમરનું અથાણું પીરસ્યું; પાસે પાણીનો કળશો મૂક્યો; સામે પોતે પીરસવા બેઠી.

"કેમ, આજ તો થૂલી કરી છે? બહુ મીઠી છે. ખૂબ ઓઘાવી લાગે છે." બ્રાહ્મણ પૂછે છે.

બ્રાહ્મણીનું મોં મલકે છે: "આજ તો ખૂબ ઓઘાવી હતી."

કોળીકોળણ સામસામે બેઠાં છે. એક રોટલો કોળીનો ને એક રોટલો કોળણનો. વચમાં રીંગણાંનું શાક છે: લસણ ને મરચાં નાખેલું. કોળીકોળણ બોળીબોળીને ખાય છે ને શાકના વાડાની વાતો કરે છે.

ગરીબ બિચારો ભિખારી! "એ બાપુ! કોઈ કોળિયો ધાન આપો. કોઈ અશરાપનો આતમા ઠારો. કોઈ ગરીબની વા'રે આવો. એ બાપુ! આખા દીનો ભૂખ્યો છું." એમ ઘેરઘેર ભીખ માગે છે.

દિવાળી કહે: "એ ભિખારી! લે આ ખીચડી છે."

"ભગવાન તમારું ભલું કરશે!"

---

ઓઘાવવું=ફોતરાં દૂર કરવા ખારણિયામાં ખાંડવું
અશરાપ=રાંક; અત્યંત ગરીબ

"એ ભિખારડા ! ત્યાં ક્યાં ચાલ્યો ? ઘરમાં ઘૂસી જવું છે ?" બીજા પાડોશીએ પડકાર્યો.

ભિખારી બીજી શેરીમાં ગયો.

વાળુવેળા થઈ ને લોકલાઈએ વાળુ કર્યાં; સિપાઇસિપરાએ વાળુ કર્યાં; રા'રંકે વાળુ કર્યાં. કોઈકે ખીર ખાધી તો કોઈકે બંટીનો કે જારનો રોટલો ખાધો. ભગવાને આપ્યું તે ખાધું.

કહે છે: "ભૂખ્યાં ઉઠાડે, પણ કાંઈ ભૂખ્યાં થોડો જ સુવાડે છે ?"

☆ ☆

## વાળુ થઈ રહ્યાં

વાળુ થઈ રહ્યાં ને વીજુ ઊંઘી ગઈ. એંઠવાડપાણી પરવાર્યાં. અવલબાઈ આમથી આવ્યાં; મણિબેન સામેથી આવ્યાં; રાધાબેને ટૌકો કર્યો: "એ....હમણાં આવી; આ રતુને જરા ઉંઘાડું છું."

---

લોકલાઈ=લોકવરણ

સરખીસમાણી સાહેલીઓ આવી ને રાસડાની ઝૂક જામી. ધરતી ધમધમી ઊઠી. શેરી આખી સાંભળી રહી.

પણે ચોકમાં ચોરો મંડાયો. અલકમલકની વાતો ચાલી: શૂરવીરની, ભૂતની, પ્રેતની, ગામની, ગપાટાની; કંઈક વાતો ચાલી. ડોસાં-ડગરાં બેઠેલાં; મહીં કોઈ કોઈ જુવાનિયા પણ ખરા. નાનાં ટાબરિયાં વળી ઘડીક રાસડામાં જાય ને ઘડીક ચોરામાં આવે.

જુવાન જોદ્ધાએ ગેડીદડો માંડ્યો. એક મોટો ગાગર જેવડો દડો ને મોટી જબરી કાંડા જેવી જાડી જાડી ગેડીઓ. ધડુસ ધડુસ ગેડીઓ દડા ઉપર પડવા લાગી ને દડો ધક્કેલાયો.

જીવી ડોશીએ બજર લીધી ને દાંતે દીધી.

રામાકાકાએ પથારી પાથરી ને માળા હાથમાં લીધી.

લખુભાઈએ ચશ્માં ચડાવ્યાં ને ચોપડાનો મેળ ખેંચ્યો.

વાળંદે ઘરાકની વાત માંડી, ને એમાંથી ગામના કંઈક નવાજૂના સમાચાર કાઢ્યા.

સોની, સુતાર ને લુહારની મંડળી જામી; બીડીઓના ગોટા નીકળ્યા. સાથે કંઈક નવા-જૂની ચાલી.

રાજદરબારે ચોઘડિયાં થયાં. રાજા મહેલે પધાર્યા; દીવાન બંગલે ગયા; દરવાજે પહેલી ચોકી ચડી.

છોકરા પાઠ કરવા બેઠા. લખીએ ભૂગોળ ગોખી; ભાનુ ઇતિહાસ ગોખવા બેઠો; ચંપક કવિતા કરવા લાગ્યો.

સાથીએ રાતની નીરણ કરી; ગાયભેંશને માથે હાથ ફેરવ્યો. ગાયે શીંગડું નીચું કર્યું; ભેંશે માથું હલાવ્યું.

ભરવાડે આડું પડખું ઢાળ્યું ને ઘરડ-ઘરડ ઘોરવા માંડ્યો. રતનો હેલકરી પણ સૂતો.

સત્યનારાયણની કથાનો પહેલો અધ્યાય પૂરો થયો; બીજો અધ્યાય શરૂ થયો. કડિયા-રાની વાત આવી; સૌ ભક્તિભાવથી સાંભળતાં હતાં ને મહારાજ મીઠે કંઠે વાંચતા હતા.

---

હેલકરી=ભાર ઊંચકનારો મજૂર

# સોપો પડ્યો

સોપો પડ્યો, સોપો પડ્યો, સોપો પડ્યો. નાનાં બાળકો ઊંઘી ગયાં; જુવાન જણો ઊંઘી ગયા. ઘરડાંબુઢ્ઢાં ઊંઘી ગયાં. ઘર આખું, શેરી આખી, ગામ આખું ઊંઘી ગયું.

ઘોડાગાડીઓ ઓછી થઈ. આવજા ટવરી ટવરી રહી. દુકાનો બંધ થઈ ગઈ. રાતની ગાડીના ઉતારુ પણ આવી ગયા.

નદીનાં જળ સૂઈ ગયાં, સીમનાં ખડ પણ ઊંઘી ગયાં. વાડામાં ઘેટાં ને બકરાં, તબેલે ઘોડો ને ગમાણે ગાય: બધાં ઊંઘી ગયાં.

દી આખાની દોડાદોડ, ધામધૂમ, ધમાધમ! હવે બધું ટાઢું પડ્યું. ટાઢું, ટાઢું, ટાઢું

---

સોપો=રાતના પહેલા પહોરે બધાં સૂઈ જાય ત્યારે જે શાંતિ થાય તે

ટવરી=બહુ જ ઓછી

પડ્યું. રસ્તા બધા ખાલી છે; હાલચાલ બંધ છે. બજારમાં કોઈ નથી; ચોરામાં કોઈ નથી; ચોકમાં કોઈ નથી. ઘરમાં ય જાણે કોઈ નથી.

ટપ ટપ કરતો હથોડો, ધફ ધફ બોલતી ધમણ, સોય પરોવતો દરજી, ગાયન ગાતો ગવૈયો, લોટ માગતો બ્રાહ્મણ, વેપાર કરતો વાણિયો, ઘાણી ફેરવતો ઘાંચી, કોઈ ક્યાંઈ નથી દેખાતું. કોઈ કશું નથી બોલતું. ચારે કોર સોપો છે, સોપો છે, સોપો છે.

સોપો છે, સોપો છે, સોપો છે. છતાં કોઈ જાગે છે. ઘરની ઘડિયાળ જાગે છે: ટક ટક, ટક ટક, ટક ટક. ઘરમાં બિલાડી ફરે છે: ધીમે પગલે, ચુપચુપ. ક્યારે ઉંદર પકડું ને ક્યારે પેટ ભરું? ભીંતે ઘરોળી ભટકે છે; જીવજંતુને પકડે છે. ઝાડે ચીબરી બોલે છે: ચબ ચબ, ચબ ચબ. ખાળે દેડકું બોલે છે: ડ્રૂં ડ્રૂં ડ્રૂં. પાસે તમરાં બોલે છે.

સોપો પડ્યો છે છતાં કોઈ જાગે છે. ભગત હજી જાગે છે; બે માળા હજી બાકી છે. ડોશી

હજી જાગે છે; ઊંઘ નથી આવતી. વિદ્યાર્થી હજી જાગે છે; પાઠ હજી અધૂરા છે. સાથી હજી જાગે છે; ખેતરે વાસુ ગયો છે. રાધાબાઈ હજી જાગે છે; મોડી રાતે મહેમાન આવ્યા છે. ચંપકલાલ જાગે છે; ઘણે દિવસે જૂનો ભાઈબંધ મળવા આવ્યો છે.

તોપણ બધે સોપો પડ્યો છે, સોપો પડ્યો છે, સોપો પડ્યો છે.

# પો ફાટ્યો

પો ફાટ્યો ને પંખી બોલ્યાં.

મોર બોલ્યો: "પિયુ પિયુ." ઢેલ બોલી: "મેઆઓ મેઆઓ."

વા વાયા ને ઝાડ હલ્યાં. ચકલાં ઊડ્યાં, કાગડા ઊડ્યા, કાબર ઊડી. ચકચક, ચકચક; કોકો, કોકો; કી...વી, કી...વી.

પો ફાટ્યો ને સુખો ઊઠ્યો. બળદને ઘરમાં નાખ્યો ને ઉતારુને લઈ ચાલી નીકળ્યો.

પો ફાટ્યો ને જોગી જાગ્યો. કંથા સંકેલી, કમંડળ લીધું; નદીકાંઠે સ્નાન કરી, આસન વાળી, નિરંજનનું ધ્યાન ધર્યું.

પો ફાટ્યો ને અંધારું ઓછું થયું. ઝાડવાંની ઘટા દેખાઈ; ડુંગરાની ટોચ કળાઈ; મિનારાના બુરજો ભળાયા; રાજાનો મહેલ જણાયો.

પો ફાટ્યો ને મજૂરે બોઇલરમાં આગ

નાખી ને કોલસા નાખ્યા. ઇજનેરે કળ દાબી ને એંજિનની સીટી મારી; મજૂર બધા જાગી ઊઠ્યા.

પો ફાટ્યો ને પહેરો પૂરો થયો. ચોકી-દારે ડંકા દીધા; બંદૂક હાથથી હેઠી મૂકી; પટ્ટો કેડેથી છોડી નાખ્યો, ને હાશ કરીને હેઠે બેઠો.

પો ફાટ્યો ને કણબીએ હાકલો કર્યો: "એ....ભેંશું દોઈ લેજો. દોવાટાણું થઈ ગયું."

પો ફાટ્યો ને વિદ્યાર્થી ભણવા ઊઠ્યો. પુસ્તકપોથી હાથમાં લીધાં ને અભ્યાસ એનો ભણવા માંડ્યો.

પો ફાટ્યો ને હોટલ ઊઘડી ગઈ. ચાવાળે ચૂલો પેટાવ્યો; કીટલી ભરીને પાણી મૂકયું; પ્યાલો ભરીને ખાંડ નાખી; મૂઠી ભરીને ચા નાખી; વાસી દૂધને વાપરી નાખ્યું.

પો ફાટ્યો ને ચોર પાછો વળ્યો. આજની રાત ખાલી ગઈ; વળી આવતી કાલે વાત.

પો ફાટ્યો ને ભજન પૂરું થયું; મંજીરાં બંધ થયાં, તંબૂરો બાજુ પર મુકાયો. ભગતની આંખ ઘેરાઈ ને લેજાવાર મીચાઈ.

પો ફાટ્યો ને શેઠાણીએ પડખું ફેરવ્યું: "હજી તો બે કલાકની વાર છે. અડધી રાત બાકી હશે. નાહક લોકો વહેલા ઊઠે છે."

પો ફાટ્યો ને બિચારી રાંડીરાંડે ઘંટી ધરાઈ.

પો ફાટ્યો ને માળી વાડીએ પહોંચ્યો. વાડીએ જઈને ફૂલ વેડ્યાં; ગુલાબ વેડ્યાં, ગુલદાવદી વેડી, જૂઈ વેડી, જાઈ વેડી.

પો ફાટ્યો ને લેખક લખવા ઊઠ્યો. મોં ધોઈને કલમ લીધી; આસન વાળીને શારદા સમરી; શારદા સમરી લખવા માંડ્યો.

---

શારદા=સરસ્વતી

# દરેક ઘરમાં હોવાં જ જોઈએ

## શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિરનાં પ્રકાશનો

### બાળકો તેમ જ કિશોરો માટેનાં

| | | | |
|---|---|---|---|
| ૧ | બાલસાહિત્યમાળા • ૮૦ પુસ્તકો | આખા સેટના | ૨૦-૦-૦ |
| ૨ | બાલસાહિત્યગુચ્છ • ૨૫ પુસ્તકો | ,, | ૭-૮-૦ |
| ૩ | બાલસાહિત્ય વાટિકા • ૩૫ પુસ્તકો | • દરેક પુસ્તકના | ૧-૦-૦ |
| ૪ | બાળવાર્તાઓ ભા.૧-૫ • શ્રી ગિજુભાઈ | ,, | ૧-૦-૦ |
| ૫ | કિશોરકથાઓ ભા. ૧-૨ ,, | ,, | ૧-૦-૦ |
| ૬ | રખડુ ટોળી ખંડ ૧-૨ ,, | ,, | ૦-૧૨-૦ |
| ૭ | બાળ લોકગીત સંગ્રહ ભા. ૧-૨ ,, | ,, | ૦-૬-૦ |
| ૮ | ધર્માત્માઓનાં ચરિતો ,, | | ૧-૮-૦ |
| ૯ | ઇસપનાં પાત્રો : ગધેડાં ,, | | ૦-૮-૦ |
| ૧૦ | મહાભારતનાં પાત્રો ૧-૧૩ • શ્રી નાનાભાઈ | • સેટના | ૧૨-૮-૦ |
| ૧૧ | રામાયણનાં પાત્રો ૧-૬ ,, | ,, | ૭-૮-૦ |
| ૧૨ | આખ્યાયિકાઓ ખંડ ૧-૨ ,, | દરેકના | ૧-૮-૦ |
| ૧૩ | શ્રીમદ્ લોકભાગવત ,, | | ૫-૮-૦ |
| ૧૪ | ભાગવત કથાઓ ,, | | ૧-૮-૦ |
| ૧૫ | બાલરામાયણ | શ્રી મોંઘીબેન | ૧-૮-૦ |
| ૧૬ | ભગવાન બુદ્ધ | શ્રી ગિજુભાઈ | ૦-૬-૦ |
| ૧૭ | સો કેનાં પરાક્રમો | શ્રી રમેશ ગૌતમ | ૦-૫-૦ |
| ૧૮ | ટારઝન ભાગ ૧-૧૦ | શ્રી શંકર શાહ • દરેકના | ૦-૧૨-૦ |
| ૧૯ | રંગરેખા (ચિત્રસંગ્રહ-બે સંપુટ) | સોમાલાલ શાહ ,, | ૩-૦-૦ |
| ૨૦ | બાપુજીની અને બીજી વાતો | કપિલાબેન ઠાકોર | ૦-૧૨-૦ |
| ૨૧ | પીળાં પલાશ (બાળનાટકો) | શ્રીધરાણી | ૦-૮-૦ |

:મળવાનું મુખ્ય સ્થળ:

## આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨

બુકસેલર્સ ઍન્ડ પબ્લિશર્સ : પ્રિન્સેસ સ્ટ્રીટ